રક્ષક પર 'ભક્ષકો'નો હુમલો | શંકાસ્પદ બાઇકનો પીછો કરતા 4 પોલીસ જવાનો પર 20ના ટોળાનો હુમલો

# સંતરામપુરના બટકવાડામાં પોલીસ પર કુહાડી-પાવડાથી ઘાતક હુમલો

**બે જવાનોના માથામાં** કુહાડીના ઘા ઝીંકાતા ગંભીર ઇજા પહોંચી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.16

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના બટકવાડા ગામે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને પેટ્રોલિંગ કરી રહેલી પોલીસ ટીમ પર અસામાજિક તત્વોએ ઘાતક હુમલો કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. શંકાસ્પદ હાલતમાં પસાર થતા બાઈક સવારનો પીછો કરતા પોલીસ જવાનોને ગ્રામજનોના ટોળાએ ઘેરી લઈ કુહાડી, પાવડો અને લાકડીઓ વડે હુમલો કરતા ચાર પોલીસકર્મીઓ લોહીલુહાણ થયા છે.

સંતરામપુર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલની ટીમ 15મી એપ્રિલની રાત્રે ખાનગી વાહનમાં ચૂંટણીલક્ષી પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન બટકવાડા પાસે એક બાઈક પર શંકાસ્પદ થેલા જોઈ તેને રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ બાઈક ચાલક ઉભો રહેવાને બદલે નદી તરફ ભાગતા પોલીસે તેનો પીછો કર્યો હતો. બાદમાં બાઈક સવાર શખ્સો વાહન મૂકી નાસી છૂટ્યા હતા, પરંતુ જ્યારે પોલીસ જવાનો ત્યાં પહોંચ્યા ત્યારે સ્થાનિકોના રોષનો ભોગ બન્યા હતા.

સંતરામપુર પોલીસ ટીમ તપાસ કરી રહી હતી ત્યારે દિલીપ માનસિંગ રજાત, અલ્પેશ માનસિંગ રજાત અને લાલસિંગ હકરા રજાત સહિત 15થી 20 સ્ત્રી-પુરુષોના ટોળાએ પોલીસને ઘેરી લીધી હતી. 'તમે અમારા ઘરે કેમ આવ્યા, અમારા છોકરાઓના બાઈક કેમ હેરાન કરો છો?' તેમ કહી ઉશ્કેરાયેલા ટોળાએ ગેરકાયદે મંડળી રચી હુમલો કર્યો હતો.

આ હુમલામાં હુમલાખોરો પૈકી અલ્પેશ રજાતે કુહાડી વડે કોન્સ્ટેબલ ચિરાગકુમાર અને હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રકુમારના માથામાં જીવલેણ ઘા ઝીંક્યા હતા. અન્ય હુમલાખોર લાલસિંગે કોન્સ્ટેબલ દિનેશભાઈને પાવડાના હાથા વડે માથામાં ઈજા પહોંચાડી હતી, જ્યારે હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહને ટોળાએ ગડદાપાટુનો માર માર્યો હતો. ઈજાગ્રસ્ત પોલીસ જવાનોને તાત્કાલિક સંતરામપુરની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. આ અંગે સંતરામપુર પોલીસે દિલીપ માનસિંગ રજાત, અલ્પેશ માનસિંગ રજાત, લાલસીંગ હકરા રજાત અને તેમની સાથે બીજા પંદરથી વીસેક સ્ત્રી - પુરૂષ સામે ગુનો નોંધી ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યાં હતાં.

**પોલીસને જાનથી મારી નાખવાની ધમકી આપી**

હુમલો કર્યા બાદ આરોપીઓએ ધમકી આપી હતી કે, જો હવે પછી અમારા બટકવાડા ગામમાં દારૂની રેડ કરવા આવશો તો જાનથી મારી નાખીશું. અંધારાનો લાભ લઈ તમામ આરોપીઓ નાસી છૂટ્યા હતા. સંતરામપુર પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ઉમરેઠમાં ખર્ચ ઓબ્ઝર્વરનું ચેક પોસ્ટ પર આકસ્મિક ચેકિંગ



ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીના મતદાન પૂર્વે ખર્ચ ઓબ્ઝર્વર અનંગ રાવતે લાલપુરા, પણસોરા અને ચીખોદરા ચેક પોસ્ટની મુલાકાત લીધી હતી. તેમણે ફ્લાઈંગ સ્ક્વોડની કામગીરીની સમીક્ષા કરી રજીસ્ટર ચકાસ્યા અને નમ્રતાપૂર્વક વાહન ચેકિંગ કરવા સૂચના આપી હતી. તપાસ દરમિયાન વીડિયોગ્રાફી કરવા અને અન્ય વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી ન પડે તેનું ખાસ ધ્યાન રાખવા જણાવ્યું હતું. 23મી એપ્રિલે યોજાનારા મતદાનને ધ્યાને રાખી શંકાસ્પદ વાહનોની સઘન અને ઝીણવટભરી તપાસ હાથ ધરવા તાકીદ કરી હતી.

## વિદ્યાનગરમાં સમળી ગેંગના 2 શખસે વૃદ્ધાની કંઠી તફડાવી

(પ્રતિનિધિ) આણંદ તા.16

આણંદના વિદ્યાનગર વિસ્તારમાં વહેલી સવારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ બે બાઈક સવાર શખ્સોએ એક વૃદ્ધ મહિલાને નિશાન બનાવી છે. સત્સંગમાં જઈ રહેલા વૃદ્ધાના ગળામાંથી 2 તોલાની સોનાની કંઠી આંચકી ગઠિયા પળવારમાં અદ્રશ્ય થઈ ગયા હતા, જે અંગે વિદ્યાનગર પોલીસે ગુનો નોંધ્યો હતો.

વિદ્યાનગરના અંબામાતા મંદિર પાસે રહેતા 71 વર્ષીય મુક્તાબેન નવીનચંદ્ર જોષી વહેલી સવારે દરરોજની જેમ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયમાં મુરલી ક્લાસ ભરવા માટે ચાલીને જઈ રહ્યા હતા. તેઓ જ્યારે ચાલીને અમી કૃપા ગર્લ્સ હોસ્ટેલ પાસેથી પસાર થઈ મૈત્રી બંગલો પાસે પહોંચ્યા, ત્યારે આ ચકચારી ઘટના બની હતી. પાછળથી પુરઝડપે આવેલા એક બાઈક પર સવાર બે અજાણ્યા શખ્સો પૈકી એકે મુક્તાબેનના ગળામાં પહેરેલી આશરે 2 તોલા વજનની અને રૂ. 60 હજારની કિંમતની સોનાની કંઠી પર તરાપ મારી હતી. વૃદ્ધા કંઈ સમજે તે પહેલા જ ગઠિયાઓ કંઠી આંચકીને ભાગી છૂટ્યા હતા. મુક્તાબેને બૂમાબૂમ કરી મૂકી હતી, પરંતુ તસ્કરો પોતાની બાઈક પર પૂરઝડપે ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા.

આ ઘટના અંગે ભોગ બનનાર વૃદ્ધાએ તાત્કાલિક વિદ્યાનગર પોલીસ મથકે પહોંચી બે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી ગઠિયાઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

કેમિકલયુક્ત કચરાના ઢગલામાં આગ ભભૂકતા લોકોમાં ફફડાટ ફેલાયો

# બાલાસિનોરની ડમ્પિંગ સાઈટમાં ભીષણ આગથી લોકોમાં ઉગ્ર રોષ

**ફાયર ફાઈટરોએ** રાત્રે ૯ વાગ્યા સુધી મથામણ કરી આગ કાબૂમાં લીધી

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.16

બાલાસિનોર નગરપાલિકાની ભાથલા રોડ પર મુલતાનપુરા પાસે આવેલી ડમ્પિંગ સાઈટમાં અકળ કારણોસર ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આ આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના કાળા ગોટેગોટા આકાશમાં દૂર-દૂર સુધી દેખાતા હતા, જેના કારણે આસપાસના લોકોમાં ભારે કુતૂહલ અને ભયનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની વિગતો મુજબ, મુલતાનપુરા નજીક આવેલી આ ડમ્પિંગ સાઈટમાં પાલિકા દ્વારા શહેરનો કચરો અને લિક્વિડ કેમિકલ ઠાલવવામાં આવે છે. અચાનક કચરાના આ ઢગલામાં આગ લાગી હતી. જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા પાલિકાના ફાયર બ્રિગેડના કાફલાને જાણ કરવામાં આવી હતી. ફાયર ફાઈટરોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતી અટકાવવાના પ્રયાસો હાથ ધર્યા હતાં.

આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસરના જણાવ્યા અનુસાર, આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. જોકે, આગને કારણે પેદા થયેલો ઝેરી ધુમાડો દૂરના વિસ્તારો સુધી પ્રસરી ગયો હતો. કોઈ મોટી દુર્ઘટના ન ઘટે તે માટે વહીવટી તંત્ર દ્વારા સતત તકેદારી રાખવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે રાત્રે 9 વાગ્યા સુધી સતત જહેમત ઉઠાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલમાં સ્થિતિ સામાન્ય હોવાનું જાણવા મળ્યું છે.

**વારંવાર લાગતી આગથી સ્થાનિકોમાં રોષ**



બાલાસિનોરની આ ડમ્પિંગ સાઈટ પર આગ લાગવાની આ કોઈ પ્રથમ ઘટના નથી. અગાઉ પણ અનેક વખત અહીં આગ લાગી ચૂકી છે. ડમ્પિંગ સાઈટમાં ઠાલવવામાં આવતા લિક્વિડ કેમિકલ અને કચરાને કારણે વારંવાર સર્જાતી આગ અને તેનાથી ફેલાતા પ્રદૂષણને લઈને સ્થાનિક રહીશોમાં છૂપો રોષ જોવા મળી રહ્યો છે.

## આંકલાવ : વરલી મટકાનો જુગાર રમાડતાં 2 પકડાયાં

**આણંદ લોકલ ક્રાઇમ** બ્રાંચે દરોડો પાડી 15 હજારની રોકડ જપ્ત કરી




(પ્રતિનિધિ) આંકલાવ તા.16

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચે આંકલાવ વિસ્તારમાં મળેલી ચોક્કસ બાતમીના આધારે વીરકુવા ચોકડી પાસે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમતા બે ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આંકલાવ વીરકુવા ચોકડી પાણીની ટાંકી પાસે આવેલ વરસણ તલાવડીની ખુલ્લી જગ્યામાં આ આંકડાનો જુગાર રમાડવામાં આવતો હતો. આ અંગે પોલીસે બાતમીવાળા સ્થળે ત્રાટકીને આંકડા લખી રહેલા કનુભાઈ શનાભાઈ પઢીયાર (રહે. અંબાવ, તા. આંકલાવ) અને આંકડા લખાવનાર સલીમભાઈ ઈબ્રાહીમભાઈ ખલીફા (રહે. નાનાવાટા, આંકલાવ) ને કોર્ડન કરી લીધા હતા.

પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે રૂ. 15,450ની રોકડ, સ્લીપબુક અને કાર્બન પેપર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે આણંદ એલ.સી.બી.એ બંને ઈસમો સામે આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## બાલાસિનોરમાં સગર્ભા મહિલાઓ માટે ડાયાબિટીસ અને બી.પી. ચેકઅપ કેમ્પ યોજાયો



**બાલાસિનોર** | બાલાસિનોર અર્બન હેલ્થ સેન્ટર અને લાયન્સ ક્લબના સંયુક્ત ઉપક્રમે એનસીડી કાર્યક્રમ અંતર્ગત શહેરી વિસ્તારની 64 સગર્ભા મહિલાઓની ડાયાબિટીસ અને બી.પી.ની તપાસ કરવામાં આવી હતી આ કેમ્પમાં આશા વર્કર બહેનો દ્વારા ગર્ભાશયના મુખના કેન્સરની જાગૃતિ માટે એચ.પી.વી. રસીકરણ અંગે મહિલાઓને વિગતવાર સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અર્બન હેલ્થ સેન્ટરના ડો. દેવેન્દ્રભાઈ શાહ, લાયન્સ ક્લબના પ્રમુખ દક્ષાબેન પાઠક અને મંત્રી પ્રવીણ સેવક સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો સ્થાનિક આરોગ્ય તંત્ર અને સામાજિક સંસ્થાના સહયોગથી યોજાયેલા આ કેમ્પ દ્વારા સગર્ભા બહેનોને જરૂરી તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## ચારુસેટની CIVFને 'ઇમર્જિંગ લીડર ઇન ઇનોવેશન ઇકોસિસ્ટમ' એવોર્ડ એનાયત



**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટીની સંસ્થા સીઆઈવીએફને બિઝનેસ કનેક્ટ દ્વારા ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમમાં શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો છે. 40થી વધુ મેન્ટર્સ અને 50થી વધુ સ્ટાર્ટ-અપ્સના મજબૂત નેટવર્ક દ્વારા પ્રાદેશિક સ્તરે ઉદ્યોગસાહસિકતાને વેગ આપવા બદલ આ સન્માન મળ્યું છે. આ પ્રસંગે સંસ્થાએ વડાપ્રધાનના 'સ્ટાર્ટ-અપ ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' અભિયાનમાં યોગદાન આપવાની કટિબદ્ધતા દોહરાવી હતી. આ સીમાચિહ્નરૂપ સિદ્ધિમાં CIVFના નેતૃત્વ, ડાયરેક્ટર્સ અને સમગ્ર ટીમનો મહત્વનો ફાળો રહ્યો છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## મોરડ પ્રા. શાળામાં સ્વ. રાવજીભાઈ પરમારની પુણ્યતિથિ નિમિત્તે શૈક્ષણિક કિટનું વિતરણ કર્યું



**પેટલાદ** | પેટલાદની મોરડ પ્રાથમિક શાળામાં સ્વ. રાવજીભાઈ મંગળભાઈ પરમારની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા પ્રેરક સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. દાતા ચંદ્રકાંતભાઈ અને રમેશભાઈ પરમારના પરિવાર તરફથી શાળાના તમામ બાળકોને શૈક્ષણિક કિટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્ય મનીષભાઈ સુથારે દાતા પરિવારની ઉદારતા બદલ આભાર વ્યક્ત કરી સેવાકાર્યને બિરદાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન શાળાના શિક્ષક પરેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## નડિયાદ જેસીઆઇ દ્વારા બાળકો માટે 'ટચ ઓફ ક્રિએટિવિટી' કાર્યક્રમનું આયોજન




**નડિયાદ** | નડિયાદ જેસિલેટ વિંગ ઓફ જેસીઆઇ દ્વારા બ્લડ બેંક હોલ ખાતે બાળકોની સુસુપ્ત શક્તિઓ ખીલે તે હેતુથી 'ટચ ઓફ ક્રિએટિવિટી' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ હેત્વી સોનીએ બાળકોને ક્રાફ્ટમાં એક્સપ્લોઝન બોક્સ બનાવવાની રીત અને વિવિધ નવીનતમ ટેકનિકો શીખવી હતી. જેસીઆઇ પ્રમુખ તેજ પરમારે ડોટ પોટ્રેટ દ્વારા સૌને સરપ્રાઈઝ આપી હતી, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેરપર્સન વૈશ્વી લખમણીએ કર્યું હતું. દેવરાજ શાહ અને યાના ગજ્જરના સહયોગ બાદ પ્રોગ્રામ ચેરમેન વિયાન પટેલે આભાર વિધિ કરી કાર્યક્રમનું સફળ સમાપન કર્યું હતું.

## આણંદની પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલમાં ફાયર સેફ્ટી અંગે અવેરનેશ ટ્રેનિંગ યોજાઈ



**આણંદ** | કરમસદ-આણંદ ફાયર સર્વિસ દ્વારા 'ફાયર સર્વિસ વીક-2026' અંતર્ગત પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલના 746 વિદ્યાર્થીઓ અને 44 શિક્ષકોને ખાસ તાલીમ આપવામાં આવી હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના હેઠળ ટીમે આગ ઓલવવાની પદ્ધતિઓ અને અગ્નિશામક યંત્રોના ઉપયોગ અંગે જીવંત નિદર્શન (લાઈવ ડેમો) રજૂ કર્યું હતું. શાળાના ધોરણ 1 થી 12 ના વિદ્યાર્થીઓને આગ સામે રક્ષણ મેળવવા અને ફાયર બ્રિગેડની કામગીરી વિશે વિસ્તૃત સમજૂતી આપી માહિતગાર કરાયા હતા. વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં જાગૃતિ લાવવાના હેતુથી ફાયર વિભાગ દ્વારા શાળાઓ અને કોલેજોમાં તાલીમ આપવામાં આવશે.

## સંતરામ મંદિર ખાતે મહંત રામદાસજી મહારાજના પ્રાગટ્ય દિને માનવ સેવાના કાર્યો યોજાયા



**નડિયાદ** | નડિયાદના વિશ્વપ્રસિદ્ધ સંતરામ મંદિર ખાતે મહંત રામદાસજી મહારાજના પ્રાગટ્ય દિન નિમિત્તે જરૂરિયાતમંદો માટે અપંગ સાધન સહાય વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહારાજશ્રીના વરદ હસ્તે દિવ્યાંગ ભાઈ-બહેનોને 40 બાઈસીકલ અને 36 ટ્રાઈસિકલ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત વિધવા બહેનો સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બને તે હેતુથી સંતરામ જનસેવા ટ્રસ્ટ તરફથી તેઓને સિલાઈ મશીન પણ આપવામાં આવ્યા હતા. 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ના સૂત્રને સાર્થક કરતા આ કાર્યક્રમમાં મહંતશ્રીએ ઉપસ્થિત તમામ લાભાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

## ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર સિનિયર સિટીઝન ફોરમ દ્વારા 'ખુલ્લો મંચ' કાર્યક્રમ યોજાયો



**આણંદ** | ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર સિનિયર સિટીઝન ફોરમના પ્રમુખ ચીમનભાઈ એ. પટેલના અધ્યક્ષસ્થાને અને મનુભાઈ મણીભાઈ પટેલના સહયોગથી આ 'ખુલ્લો મંચ' કાર્યક્રમ આણંદ ખાતે ભવ્ય રીતે યોજવામાં આવ્યો હતો. આ અવસરે દાનવીર સ્વ. રમણભાઈ વી. પટેલને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને જન્મદિન ધરાવતા સભ્યોને સ્મૃતિ ભેટ આપી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં સભ્યોએ ભજન, લગ્નગીતો અને વિવિધ રજૂઆતો કરી હતી, જ્યારે મંત્રી ભાનુભાઈ પટેલે સંસ્થાની આગામી ગતિવિધિઓની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. મોટી સંખ્યામાં સભ્યોની ઉપસ્થિતિ વચ્ચે ભાનુભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ અને મીનાબેન પટેલે સમગ્ર કાર્યક્રમનું કુશળ સંચાલન અને આભારવિધિ કરી હતી.

## સિનિયર સિટીઝન ફોરમ અને અધિવક્તા પરિષદ દ્વારા આંબેડકર જયંતિની ઉજવણી



**આણંદ** | આણંદમાં સિનિયર સિટીઝન ફોરમ અને અધિવક્તા પરિષદના સંયુક્ત ઉપક્રમે બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય વક્તા અને પૂર્વ જજ ગોપાલભાઈ શાહે બાબા સાહેબના જીવન પ્રસંગો વર્ણવી તેઓએ તમામ વર્ગોના ઉત્થાન માટે કરેલા કાર્યોની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં અધિવક્તા પરિષદના સોનલબેન વ્યાસે સંસ્થાના ઉદ્દેશો જણાવ્યા હતા અને વિવિધ મહાનુભાવોનું સન્માન કર્યું હતું.

## સીવીએમ યુનિવર્સિટી અને જર્મનીની હોચશુલે વિસ્મર યુનિવર્સિટી વચ્ચે કરાર કરાયાં




**આણંદ** | સીવીએમ યુનિવર્સિટી અને જર્મનીની પ્રતિષ્ઠિત હોચશુલે વિસ્મર યુનિવર્સિટીએ શૈક્ષણિક સહયોગ અને આદાનપ્રદાન માટે મહત્વપૂર્ણ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ ભાગીદારીથી ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને બિઝનેસ જેવા વિષયોમાં ભારતીય વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય શિક્ષણના નવા દ્વાર ખુલશે. આ કરાર હેઠળ 'સમર સ્કૂલ' પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓને જર્મની જઈ ત્યાંની સંસ્કૃતિ અને આધુનિક ટેકનોલોજીનો પ્રત્યક્ષ અનુભવ મેળવવાની અમૂલ્ય તક મળશે. આ પ્રસંગે સીવીએમના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલ અને યુનિવર્સિટીના અન્ય ઉચ્ચ અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

## નડિયાદના ડો. પ્રજ્ઞેશકુમાર પંડ્યા 'વિદ્યાલંકાર સારસ્વત પુરસ્કાર'થી સન્માનિત કરાયાં



**નડિયાદ** | વડોદરાના મુજ મહુડા ખાતે 'સિગ્નેચર સિગ્નિફિકન્સ' દ્વારા વ્યક્તિ નિખાર વાર્તાલાપ અને સિગ્નેચર વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નડિયાદના ડો. પ્રજ્ઞેશકુમાર પંડ્યાને શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે તેમના પ્રદાન બદલ સંસ્થા દ્વારા 'વિદ્યાલંકાર સારસ્વત પુરસ્કાર' આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સેમિનારમાં મોટી સંખ્યામાં સારસ્વતો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ વિષયો પર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં હસ્તાક્ષર (સિગ્નેચર) અને વ્યક્તિત્વ વિકાસના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

## ભારત વિકાસ પરિષદ અને રેડક્રોસ સોસાયટી દ્વારા સ્ટીલની પાણીની બોટલનું વિતરણ કરાયું



**આણંદ** | ભારત વિકાસ પરિષદ નડિયાદ શાખા અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે શહેરના પશ્ચિમ વિસ્તારના જાહેર માર્ગો પર કાળઝાળ ગરમીમાં કામ કરતા ફેરિયાઓને પાણીની બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પીજ ચોકડી અને સ્ટેશન રોડ જેવા વિસ્તારોમાં ફેરિયાઓને પ્લાસ્ટિકને બદલે સ્ટીલની બોટલ વાપરવા અંગે વિશેષ સમજૂતી આપવામાં આવી હતી. અનુપભાઈ દેસાઈના સહયોગથી યોજાયેલા આ સેવાયજ્ઞમાં બીવીપીના પ્રમુખ અમિત સોની, મંત્રી તેજલ પંડ્યા વિગેરે હાજર રહ્યાં હતાં.